# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-04-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યુગ્મ સંમેલનમાં ભાગ લેશે.

2) ભારત-યુકે મુક્ત વેપાર કરાર- FTA અંગે વાટાઘાટો ફરીથી શરૂ કરાઇ.

3) ચારધામ યાત્રાનો આવતીકાલથી આરંભ – ઉત્તરાખંડના મુખ્યમંત્રી દ્વારા વ્યવસ્થાની સમીક્ષા કરાઇ.

4) હવામાન વિભાગે આજે નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, આસામ, ઓડિશા અને મેઘાલયમાં ભારે વરસાદની આગાહી કરી.

5) બેઝબોલ એશિયનકપ 2025ની ફાઇનલમાં આજે ભારતીય મહિલા ટીમનો મુકાબલો ઈન્ડોનેશિયા સામે થશે.

.........................................................................

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-YUGM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યુગ્મ સમિટમાં હાજરી  આપશે. સંસ્કૃતમાં યુગ્મનો અર્થ સંગમ થાય છે. આ પ્રકારની પહેલી મહત્વપૂર્ણ નીતિ સંમેલન છે જે સરકાર, શિક્ષણવિદો, ઉદ્યોગ અને નવીનતાના પ્રતિષ્ઠિત વ્યક્તિઓને એક મંચ પૂરું પાડશે .  વાધવાણી ફાઉન્ડેશન અને સરકારી સંસ્થાઓના સંયુક્ત રોકાણ સાથે લગભગ એક હજાર ચારસો કરોડ રૂપિયાના સહયોગી પ્રોજેક્ટ દ્વારા સંચાલિત આ કાર્યક્રમ ભારતની નવીનતા યાત્રામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# PM-PADMA AWARDS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પદ્મ પુરસ્કાર નાગરિક સન્માન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે જીવનના તમામ ક્ષેત્રોના ઉત્કૃષ્ટ વ્યક્તિઓને તેમની સેવા અને સિદ્ધિઓ માટે સન્માનિત કરવામાં આવ્યા હતા.

# UK-INDIA-FTA

ભારત-યુકે મુક્ત વેપાર કરાર- FTA અંગે વાટાઘાટો દરમિયાન, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ ગઈકાલે લંડનમાં યુકેના વેપાર અને વાણિજ્ય મંત્રી જોનાથન રેનોલ્ડ્સને મળ્યા હતા. શ્રી ગોયલ રોકાણ વાટાઘાટો અને દ્વિપક્ષીય વેપારને મજબૂત બનાવવાના ઉદ્દેશ્ય સાથે બે દિવસની મુલાકાતે લંડન ગયા છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારત અને યુકે વચ્ચે FTA અંગે વાટાઘાટો ફરી શરૂ થઈ છે અને બંને પક્ષો સમજૂતી કરારને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે. ફેબ્રુઆરીની શરૂઆતમાં, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે કહ્યું હતું કે ભારત અને યુકેએ મુક્ત વેપાર કરાર તરફ વાટાઘાટો ફરી શરૂ કરી છે. આ જાહેરાત કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ અને તેમના યુકેના સમકક્ષ જોનાથન રેનોલ્ડ્સ દ્વારા કરવામાં આવી હતી, જેઓ તે સમયે દિલ્હીમાં હાજર હતા. તેમાં કહેવામાં આવ્યું હતું કે બંને પક્ષો સંતુલિત, પરસ્પર લાભદાયી અને દૂરંદેશી કરાર તરફ વાટાઘાટો ફરી શરૂ કરવા સંમત થયા છે. અગાઉ, નાણામંત્રી નિર્મલા સીતારમણ યુકેની મુલાકાતે ગયા હતા. બંને દેશો વચ્ચે મુક્ત વેપાર કરાર વાટાઘાટોની સાથે, દ્વિપક્ષીય રોકાણ સંધિ-બીઆઈટી માટે પણ સમાંતર વાટાઘાટો ચાલી રહી છે

# ATAL AKSHAY URJA BHAWAN

નવીન અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય-MNRE આજે નવી દિલ્હીના અટલ અક્ષય ઉર્જા ભવન ખાતે રાષ્ટ્રીય ગ્રીન હાઇડ્રોજન મિશન હેઠળ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) માટે તકોની શોધ પર એક વર્કશોપનું આયોજન કરશે. આ વર્કશોપમાં લાંબા ગાળાના હાઇડ્રોજન અર્થતંત્રને આકાર આપવામાં MSMEs ની મહત્વપૂર્ણ ભૂમિકાની શોધ કરવામાં આવશે. આ ઉભરતા ક્ષેત્રમાં નવીનતા અને વૃદ્ધિને આગળ ધપાવવામાં MSMEs ની મહત્વપૂર્ણ ભૂમિકા છે. મુખ્ય વિષયોમાં ઘટકો અને ઉપકરણોના વિકાસ માટે ટેકનોલોજી સહયોગ, ગ્રીન હાઇડ્રોજન સપ્લાય ચેઇનમાં તકો, બાયોમાસ રૂટ્સનો ઉપયોગ કરીને વિકેન્દ્રિત હાઇડ્રોજન ઉત્પાદન અને મૂલ્ય શૃંખલામાં રોકાણ ચાલુ રાખવા વ્યૂહરચનાઓનો સમાવેશ થાય છે.

# IIP-MARCH

ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક - IIP એ માર્ચમાં ભારતના ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ દરને ફેબ્રુઆરીમાં 2.7 ટકાના સુધારેલા વૃદ્ધિ દરથી સુધારીને 3 ટકા કર્યો છે. IIP ના ત્રણ મુખ્ય ઘટકોમાંથી વીજળી ઉત્પાદનમાં 6.3 ટકા, ઉત્પાદનમાં 3 ટકા અને ખાણકામ પ્રવૃત્તિમાં 0.4 ટકાનો વધારો થયો છે. માર્ચ 2024 ની સરખામણીમાં માર્ચ 2025 માં ઉપયોગ-આધારિત વર્ગીકરણ મુજબ IIP ના સંબંધિત વૃદ્ધિ દર પ્રાથમિક વસ્તુમાં 3.1 ટકા, મૂડી આધારિત વસ્તુમાં 2.4 ટકા, મધ્યવર્તી વસ્તુમાં 2.3 ટકા, માળખાગત સુવિધા અથવા બાંધકામ વસ્તુમાં 8.8 ટકા, લાંબા ગાળાના ગ્રાહક વસ્તુમાં 6.6 ટકા અને ટૂંકા ગાળાના ગ્રાહક વસ્તુમાં 4.7 ટકા છે. આ આંકડા આંકડાકીય અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવ્યા છે.

# CANADA ELECTIONS (EARLY)

કેનેડામાં યોજાયેલી મધ્યસત્ર ચૂંટણીના પ્રારંભિક વલણો આવવા લાગ્યા છે. જેમાં માર્ક કાર્નેના નેતૃત્વ હેઠળની લિબરલ પાર્ટી બેઠકો અને મત ટકાવારી બંનેમાં આગળ છે.

બહુમતીવાળી  સરકાર બનાવવા માટે કોઈપણ પક્ષને 343 માંથી ઓછામાં ઓછી 172 બેઠકો જીતવી પડશે. જો વર્તમાન વલણ ચાલુ રહેશે, તો જસ્ટિન ટ્રુડોના રાજીનામા બાદ પ્રધાનમંત્રી બનેલા લિબરલ પાર્ટીના માર્ક કાર્ને આ પદ પર બની રહેશે.

# CHAR DHAM YATRA

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આવતીકાલથી શરૂ થઈ રહેલી ચાર ધામ યાત્રા-૨૦૨૫ દરમિયાન વ્યવસ્થાઓની સમીક્ષા કરવા માટે રાજ્યના તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ સાથે બેઠક યોજી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી ધામીએ જણાવ્યું હતું કે ૨ મેથી શ્રદ્ધાળુઓ બાબા કેદાર અને કેદારનાથ ધામના દર્શન કરી શકશે. ચાર ધામ યાત્રા-૨૦૨૫ માટે નોંધણી પણ ગઈકાલથી શરૂ થઈ ગઈ છે. દિવ્યાંગજનો, વરિષ્ઠ નાગરિકો અને વિદેશી નાગરિકો માટે ખાસ કાઉન્ટર બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, વીસ મફત નોંધણી કાઉન્ટર પણ બનાવવામાં આવ્યા છે. વાર્ષિક યાત્રા માટે શ્રદ્ધાળુઓની ભીડને નિયંત્રિત કરવા માટે ઉત્તરાખંડ સરકારે વ્યાપક વ્યવસ્થા કરી છે. દર વર્ષે હજારો શ્રદ્ધાળુઓ યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથના પવિત્ર સ્થળોના દર્શન કરવા આવે છે. મુખ્યમંત્રીએ ચાર ધામ યાત્રાને ધ્યાનમાં રાખીને રાજ્યભરમાં સુરક્ષા વ્યવસ્થા કડક બનાવવાના નિર્દેશો આપ્યા છે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, આસામ, ઓડિશા અને મેઘાલયમાં ભારે વરસાદની આગાહી કરી છે. વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન ઉત્તરપૂર્વ ભારતમાં વાવાઝોડા, વીજળી અને ભારે પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી પણ કરી છે. વિભાગે જણાવ્યું હતું કે આજે હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, પંજાબ, હિમાચલ પ્રદેશ, પશ્ચિમ રાજસ્થાન,

જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદમાં અલગ અલગ સ્થળોએ ભીષણ ગરમી પડવાની શક્યતા છે.

# BASEBALL-ASIAN CUP 2025

બેઝબોલ એશિયન કપ 2025 માં આજે ફાઇનલમાં ભારતીય મહિલા ટીમનો મુકાબલો ઈન્ડોનેશિયા સામે થશે. દરમ્યાન ભારતે ગઈકાલે થાઈલેન્ડના બેંગકોકમાં સુપર રાઉન્ડ તબક્કામાં થાઈલેન્ડને 6-5થી હરાવી પરાજય આપ્યો હતો. ઈન્ડોનેશિયાની ટીમ સુપર રાઉન્ડમાં પ્રથમ સ્થાન મેળવીને સ્પર્ધા માટે ક્વોલિફાય થઈ હતી.

અન્ય મેચોમાં થાઈલેન્ડ અને પાકિસ્તાન કાંસ્યચંદ્રક માટે એકબીજા સામે ટકરાશે. ભારત 2017 માં આ સ્પર્ધામાં પાંચમા સ્થાને રહ્યું હતું.

# IPL

IPL માં ગઈકાલે જયપુરમાં રાજસ્થાન રોયલ્સે ગુજરાત ટાઇટન્સને આઠ વિકેટથી હરાવ્યું હતું. પ્રથમ બેટિંગ કરતા ગુજરાતે રાજસ્થાનને 210 રનનો લક્ષ્યાંક આપ્યો હતો, જે રાજસ્થાને સોળમી ઓવરમાં 212 રન બનાવીને સરળતાથી પ્રાપ્ત કરી લીધો હતો. રાજસ્થાન માટે, વૈભવ સૂર્યવંશીએ 38 બોલમાં સદી ફટકારી હતી યશસ્વી જયસ્વાલે અણનમ 70 રન બનાવ્યા હતા.

આજે દિલ્હી કેપિટલ્સનો સામનો કોલકાતા નાઈટ રાઇડર્સ સામે થશે. આ મેચ દિલ્હીમાં સાંજે સાડા સાત વાગ્યાથી રમાશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

1) આજના તમામ અખબારોમાં ભારતે પાકિસ્તાન પર કરેલી ડિઝીટલ સ્ટ્રાઈકના સમાચાર જોવા મળી રહ્યા છે.

2) સંદેશ સમાચારની હેડલાઈન છે કે પાક.પર ડિઝીટલ સ્ટ્રાઈક- 16 યૂ-ટ્યૂબ ચેનલ પર પ્રતિબંધ....અને ભારતના પગલાંથી પાકિસ્તાની સેના ગભરાઈ પીઓકેમાં આતંકી લોન્ચ પેડ ખાલી કરાવ્યાના સમાચાર પણ પહેલા પાને જોવા મળી રહ્યા છે...

3) દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે ભારતનો ડર.. પાકિસ્તાની સેના loc નજીકથી 50થી વધુ આતંકીઓને હટાવી બંકરોમાં લઈ ગઈ..

4) ગુજરાત સમાચાર લખે છે કે પાકિસ્તાન સાથેની સરહદ બંધ થતા બજારમાં ડાયફ્રુટના ભાવ 15 ટકા વધ્યા..

5) એલર્ટ છીએ, ભારત ગમે ત્યારે હુમલો કરી શકે છે- ખ્વાજાના નિવેદન સાથે આ હેડલાઈન બનાવી છે નવગુજરાત સમયે...

6) તમામ અખબારોમાં અન્ય સમાચારમાં સમુદ્રમાં ચીન- પાક.ને ભારતનો સીધો પડકાર ફ્રાન્સ સાથે 63 હજાર કરોડનો રાફેલ સોદો, સ્પેન, પોર્ટુગલ, ફ્રાંસ અને બેલ્જિયમમાં બ્લેકઆઉટ, 1965 અને 1971ના યુદ્ધોને જોઈ ચૂકેલા સરહદના ભારતીય ગામો નિશ્ચિંત, અમે પણ દેશના સૈનિક સહિતના સમાચાર પહલા પેજ ઉપર વાચંવા મળી રહ્યા છે.

7) જ્યારે રાજ્ય અને સ્થાનિક સમાચારોમાં હવામાન વિભાગની ગરમી વધવાની આગાહી તેમજ આરટીઆઈમા પ્રથમ રાઉન્ડમાં 86 હજાર 274 બાળકોને પ્રવેશ અપાયો, 7 હજાર 586 બેઠક ખાલીના સમચાર છપાયા છે.